


## સલામી સવારની..

*પરિણામ પછી હવે હોદ્દાનો જંગ થઈ જશે!*
*નેતાની ટાંટિયા ખેંચથી પ્રજા દંગ થઈ જશે!*
*ભંગ થઈ જશે પક્ષોનું શિસ્ત ને સંપનું મ્હોરું -*
*પક્ષ પલ્ટાથી ધમકીથી પાર્ટી તંગ થઈ જશે!*
*(પરિણામ પછીના રંગ)*

હાઈકુ

*વાડી જોઈને,*
*કેજરી પણ થયા -*
*દલા ત્રવાડી...*
*(ચાર ગણો પગાર...)*

*જૂએ નકશા,*
*પીએમઓ કચેરી -*
*અજ્ઞાત દેશો...*
*(વેકેશન માણવા...)*

## ચિંતન

**દુરાચારી દુર્દુષ્ટિર્દુરાડડવાસી ચ દુર્જનઃ ।**
**યન્મૈત્રી ક્રિયતે પુમ્ભીર્નરઃ શીઘ્રં વિનશ્યતિ ॥**

'ચાણક્ય નીતિ'નું આ સૂત્ર છે.

'દુરાચારી-દુષ્કર્મી, વિકારી-ખરાબ દષ્ટિવાળા, વિના કારણ બીજાને નૂકશાન-ઈજા પહોંચાડનારા એવા દુર્જન સાથે દોસ્તી રાખનાર-સજ્જન પુરુષની કીર્તિ ઝડપથી નાશ પામે છે.'

ગમે તેવી-ગમે તેટલું ભણેલી વ્યક્તિ પણ જો ખરાબ સંગત-સોબત-મૈત્રીને રવાડે ચઢી જાય તો તેનો આચાર અને વિચાર પર ખૂબ જ અસર થાય છે.

આથી જ, નાની વયના બાળકો અને કિશોરવયના વિદ્યાર્થીઓ કોની સાથે રમે-કૂદે અને મૈત્રી રાખે છે તેના માટે મા-બાપે સતત જાગૃત રહેવું જોઈએ.

પુસ્તકાલયમાં જતો મિત્ર, મિત્રને પુસ્તકાલયમાં ખેંચી જશે - બીડી પિનારો મિત્ર વ્યસન તરફ જ ખેંચી જશે. સંસ્કાર-સંગતનો મોટો પ્રભાવ હોય છે.

## સુવિચાર

- જો બદલ જાતે હૈં યહાં ઉસી કો રિશ્તે કહે હૈં..
  ઘર-ઘર મેં બાંટે અપના પ્યાર ઉસી કો ફરિશ્તે કહતે હૈ - **અહમદ ફરાઝ**
- સફળતા ગુમાવવાનો ચોક્કસ રસ્તો સામે આવેલી તકને ગુમાવવી એ છે - **જનકલ્યાણ**
- લેખક થવા હોવો જોઈએ વિચારોનો માળો,
  સાથે જોઈએ કાગળ, કલમ શબ્દોનો તાળો - **સુરેશ દલાલ**
- જેઓ આપણી પ્રશંસા કરે છે તેમને આપણે ચાહીએ છીએ,
  પરંતુ આપણે જેમની પ્રશંસા કરીએ છીએ તેમને કાયમ ચાહી શકતાં નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- દંભી ને ન માણસો ઓળખી શકે કે ન દેવદૂત - **તુકારામ**
- ઓળખી શકે એ તો અદૃશ્ય ચાલનારૂં પાપ છે - **જેરમી ટેલર**
- **આજનું ઔષધ : કારેલાનો રસ છાશ સાથે પીવાથી પથરી ઓગળે છે**

(સંકલન : દીપક વી. આસરા)

## બોધકથા

આજકાલ નિવેદનીયા નેતાઓ પહેલાં બોલીને બાફે પછી 'મીડિયા' પર દોષ ઢોળતાં કહે 'તોડમરોડ' કરી રજૂ થયું. કલાકારો પણ બાફે બીજે માફી માગે - ઘર-પરિવાર-સંસારમાં પણ રીઢાં વડીલો-ઉછ્રૃંખલ યુવાનો ગમે તેમ - ગમે ત્યારે કોઈ પૂછે ન પૂછે પોતાનો અભિપ્રાય-સલાહ-સૂચન-આદેશનો બૂરખો ઓઢાળી વ્યક્ત કર્યા કરે છે અને પોતાનાં જ 'નાક' ને નૂકશાન પહોંચાડે છે.

પ્રસિદ્ધ કવિ અબ્દુલ રહીમ ખાનાખાના પાસે ભાવિક અને રસિકોનો ડાયરો કાયમ રહેતો. જેમાં સાંસારિક અને આધ્યાત્મિક ચર્ચા થતી અને ફલસ્વરુપ 'રહીમ'ની દોહાવલીમાં આવી સમસ્યા સમાઈ જતી.

એક ભાવુંકે કવિશ્રી રહીમને પ્રશ્ન પૂછ્યો - જીવનમાં સૌથી મહત્ત્વપૂર્ણ સંયમ કયો? જે સામાન્ય માણસ પણ વિના મુશ્કેલ અપનાવી શકે?

રહીમે જવાબ દોહરાથી આપ્યો :

*રહિમન જીહ્વા બાવરી, કર ગઈ સરગ - પાતાલ ।*
*ખૂદ કહ ભીતર ઘૂસ ગઈ, જૂતી પડે કપાલ ॥*

કડવી, તોછડી, અવિચારી, જીભના છબરડાના પરિણામ, અવમાન-કપાળને ભોગવવાં પડે છે.

# સહિષ્ણુતા મુદ્દે સરકારી 'ડેમેજ કંટ્રોલ'

## તંત્રીસ્થાનેથી....

એક સાથે ભારતની સર્વોચ્ચ અદાલતના નવનિયુક્ત મુખ્ય ન્યાયમૂર્તિ અને રતન તાતા જેવા વરિષ્ઠ ઉદ્યોગપતિએ દેશમાં ચાલી રહેલી 'અસહિષ્ણુતા'ની ઝુંબેશ પ્રત્યે નારાજગી વ્યક્ત કરી છે. સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટિસ ઠાકુર નિણમૂકના ત્રીજા જ દિવસે અભિપ્રાય આપ્યો છે કે દેશમાં અસહિષ્ણુતા હોવાની વાત રાજકીય દૃષ્ટિએ કરાતી હોય તેવી સંભાવના છે. વળી એમણે ખોંખારો ખાઈને પૂરા આત્મવિશ્વાસ સાથે ઉમેર્યું છે કે દેશના લોકોએ આવી કોઈ ચિંતા કરવાની જરૂર નથી. અમે બેઠા છીએ ત્યાં સુધી તમે સલામત છો. સુપ્રીમ કોર્ટ કોઈને ઊની આંચ નહીં આવવા દે એની ખાતરી રાખજો. જ્યાં સુધી આપણા દેશમાં ન્યાયતંત્ર સ્વતંત્ર છે ત્યાં સુધી આવી કોઈ પરિસ્થિતિ નહીં સરજાય. ઉદ્યોગપતિ રતન તાતાએ તો દેશમાં ક્યાંક અસહિષ્ણુતા છે જ નહીં - બલકે ગઈ ગુજરી ભૂલી જઈ દેશ આગળ વધે તે જરુરી છે, એવું સ્પષ્ટ નિવેદન કરીને અસહિષ્ણુતાની રાવ ખાનારા સાહિત્યકારો, વૈજ્ઞાનિકો અને કલાકારોની બોલતી બંધ કરી દીધી છે. જો કે સામે રતન તાતા પોતે નથી બોલતા પરંતુ આ શબ્દો સરકાર એમનાં મોઢાં મૂકી બોલાવી રહી છે, એવા આક્ષેપો પણ થયા છે. અમદાવાદના આંગણે રામલાલ પરીખ વ્યાખ્યાન આપવા આવેલા વરિષ્ઠ હિંદી કવિ અશોક વાજપેયીએ સૌ પ્રથમ અસહિષ્ણુતાના મુદ્દે તાર સ્વરે વિરોધ પ્રગટ કર્યો હતો અને પોતાને મળેલ સાહિત્ય અકાદમીનો એવોર્ડ પરત કરી દીધો હતો. નયનતારા સહગલ અંગ્રેજી લેખિકા છે અને નહેરુ-ગાંધી પરિવાર સાથે સંકળાયેલા છે. એટલે અશોક વાજપેયી કરતાં પણ પહેલાં એમણે એવોર્ડ પરત કર્યો હતો, પરંતુ એની ઝાઝી અસર નહોતી થઈ. અશોક વાજપેયી સાહિત્ય જગતનું મોટું માથું છે અને ડાબેરી વિચારસરણી ધરાવતા સર્જકો, ઈતિહાસકારો તથા વૈજ્ઞાનિકોએ એમની પાછળ માન-સન્માન પરત કરવા લાઈન લગાડી દીધી હતી, તે સર્વવિદિત છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ પણ બે-ત્રણ વાર દેશમાં પ્રવર્તી રહેલ અવિશ્વાસનું અને છૂપા ડરનું વાતાવરણ વેળાસર સુધારવા માટે અંગુલી નિર્દેશ કર્યો હતો. છેલ્લે વડાપ્રધાન મોદીના હોમ સ્ટેટ ગુજરાતમાં આવીને એમને 'મનની ગંદકી' દૂર કરવાની શિખામણ આપી હતી તે જ શું સૂચક નથી? રાહુલ ગાંધીએ અસહિષ્ણુતાના મુદ્દે દેશભરમાં ઊહાપોહ મચાવ્યો છે. બિહાર વિજય પછી લાઈમ લાઈટમાં રહેતા જદ(યુ) પ્રમુખ શરદ યાદવ અને નીતીશ કુમારને આ અસહિષ્ણુતાના મુદ્દામાં હાથવગું હથિયાર મળી ગયું છે તો વળી આમ આદમી પાર્ટી હવે દિલ્હી બહાર પંજાબ અને ગુજરાતમાં એનો પ્રભાવ પાથરવા કૃતસંકલ્પ બની છે. અયોધ્યામાં રામ જન્મભૂમિ મંદિર ફરી એક વાર ચર્ચાની ચકડોળે ચડ્યું છે ત્યારે સામે પક્ષે આઝમખાન જેવા મુસ્લિમ આગેવાન અને એઆઈએમએમ જેવી કટ્ટરવાદી પાર્ટીના નેતા ઓવૈસી બાબરી મસ્જિદનું પુનર્નિર્માણ કરાવવાની પેરવીમાં પડ્યા છે. આઝમખાને વડાપ્રધાન મોદી 'ઈમરાનને તો યાદ કરે છે પણ અખલાકને ભૂલી જાય છે -' એવું કટાક્ષ પૂર્ણ નિવેદન કરી દાદરીકાંડમાં ગૌમાંશની શંકા પડતાં હિંદુઓના ટોળાએ મારી નાખેલ મુસ્લિમ નાગરિકનું નામ ચગાવી રહ્યા છે. એટલું ઓછું હોય એમ દાદરીમાં ગૌમૂત્ર અને ગંગાજળ છાંટી ગામનું શુદ્ધીકરણ કરવાનો કર્મકાંડ આરંભાયો છે. સુપ્રીમ કોર્ટના વડા ન્યાયમૂર્તિ અને રતન તાતા આ બધાને રોકી શકશે ખરા તે સવાલ રૂવાડાં ઊભાં કરી દે છે!

# પોતાની સંપત્તિનું બધું જ દાનમાં કર્યા પછી પ્રદ્યુમન પોતાના પિતા સાથે ઋષિકેશના આશ્રમમાં સેવાર્થે જોડાઈ છે

## સેવા




ભાવનગર શહેરની આવકવેરા વિભાગની કચેરીએ નિષ્ઠાપૂર્વકની સેવા પૂર્ણ કર્યા પછી અંવતિલાલ નિવૃત્ત જીવન પસાર કરી રહ્યા છે. નિવૃત્તી પછી કોઈ સંસ્થામાં રહી સેવા કરવાની મહેચ્છા અવંતિલાલની હતી પરંતુ હજુ સમય આવ્યો નથી કારણ કે બીજીવારના પત્ની વિમળાદેવીના હઠાગ્રહને લીધે હજી એમની ઈચ્છાપૂર્ણ થઈ નથી. અમીર ઘરના વિમળાદેવી, દાન, દક્ષિણા, ભેટ વિગેરે આપી, નારી સંસ્થા તેમજ અન્ય સંસ્તાઓના કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે અથવા અતિથિ વિશે તરીકે બિરાજમાન થવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરતા. આવા વિમળાદેવીને આઠ વર્ષના પુત્ર નામે પ્રદ્યુમન છે જે ભણવામાં પ્રત્યેક વર્ષ અવ્વલ નંબર મેળવે છે. વિમળાદેવીની સ્વયં પ્રસિદ્ધિને લીધે, પ્રદ્યુમન પોતાના માતાની હૂંફ, પ્રેમ તથા વાત્સલ્ય મેળવી શક્યો નથી પરંતુ તે બાબત, પ્રદ્યુમનના અભ્યાસમાં ખલેલરુપ થતી નથી. વિમળાદેવીના કડક તથા ઝઘડાખોર સ્વભાવને લીધે, અવંતિલાલ પોતાના સેવા કરવાના અધુરા રહેલ સ્વપ્ન પુરું કરવા ગૃહત્યાગ કરે છે, આ તકનો લાભ લઈ વિમળાદેવી પોતાની બુદ્ધિનુસાર સ્કૂલમાં, પ્રદ્યુમનના નામ પાછળ પિતાના નામને બદલે પોતાનું નામ ઉમેરાવી દે છે.

સમય પસાર થતો જાય છે. પ્રદ્યુમન બારમું ધોરણ સારા માર્કે પૂર્ણ કરે છે. આગળ અભ્યાસ માટે બહારગામ જવા, પોતાની માતા સમક્ષ પ્રસ્તાવ મુકે છે જે બહુ જ કડકાઈથી નકારી જાહેર કરે છે કે મારી હાજરીમાં જ અને અહીં અભ્યાસ ઉપલબ્ધ છે તેથી અહીં જ અભ્યાસ શરુ કરવો. મન-કમને પ્રદ્યુમન પોતાની માતાનો આદેશ સ્વીકારે છે. હવે કૉલેજનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી, હોસ્ટેલમાં રહી એમ.બી.એ.નો અભ્યાસ કરવા પ્રદ્યુમન ફરીથી પ્રસ્તાવ મુકે છે તેનો પણ અસ્વીકાર કરી, તેને પોતાની હાજરીમાં એમ.બી.એ.ને બદલી એમ.ફીલમાં પ્રવેશ મેળવવા દબાણ કરે છે. જેનો પણ મુગે મોઢે પ્રદ્યુમન સ્વીકાર કરે છે. એમ.ફીલ થયા પછી ડૉક્ટરેટ માટે બહારગામ જવા ફરીથી પ્રદ્યમન તેની માને જણાવે છે. આ વખતે સ્વીકાર કરે છે પરંતુ એક શરત કે કૉલેજ સમય બાદ ઘરે આવી જવાનું પ્રદ્યુમન તેની મમ્મીના આદેશને સ્વીકારે છે.

પ્રદ્યુમન હવે પુખ્યવયનો થતાં, પોતાના પિતા કયાં છે તથા શું કરતાં હશે તે જાણવા માટે એક દિવસ પોતાની માતાને પ્રશ્ન કરે છે તે સમયે એક જોરદાર થપ્પડ મારી, પ્રદ્યુમનને સૂચના આપે છે કે હવે કોઈ પણ દિવસ આવા પ્રશ્નો કરવા નહિ. પ્રદ્યુમન ના છૂટકે આ સહન કરી લે છે.

હવે થાય છે એવું કે વિમળાદેવી બિમાર પડે છે. ઘરકામ કરતી બાઈને આખો દિવસ પોતાની પાસે રહેવાનું કહે છે જે બાઈ સ્વીકારતી નથી. કારણ કે તેની પાસે બીજા કામો પણ છે. તેથી આખો દિવસ રોકાઈ કરતાં બહેનને પણ આખો દિવસ પોતાની પાસે રોકાવવાનું કહે છે પરંતુ તે પણ સ્વીકારતા નથી કારણ કે તેની પાસે પણ અન્ય કામો છે. આ બાબતની જાણ પ્રદ્યમનને થાય છે. ત્યારે બિલકુલ બોલ્યા સિવાય સવારથી સાંજ સુધી પોતાની માતાનું ધ્યાન રાખવાનું શરુ કરી દે છે. સમયસર દવા, જમવાનું સવાર બપોરની ચા-નાસ્તાનું કામ ઉપાડી લે છે. વિમળાદેવીની બિમારી એકાદ અઠવાડિયા સુધી લંબાઈ છે. આ સમય દરમિયાન પોતાના પુત્રની નિષ્ઠાપૂર્વકની અને સમયસરની સેવાની નોંધ લે છે. મનોમન ખૂબ જ પસ્તાવો કરે છે કે અપરમા પણ પોતાના પુત્રને ત્રાસ આપે નહિ એવો ત્રાસ સગીજનનીએ પોતાના પુત્રને આપ્યો છે, તેથી એક દિવસ તબિયત સારી રહેતા, પોતાના પુત્રને બોલાવી, પોતાના ખોળામાં માથુ રાખી, ખૂબ જ રડે છે. રડતાં રડતાં એમનાથી બોલાય છે કે તારું બાળપણ મેં બગાડ્યું છે, તને માતા તરીકેની હૂંફ, પ્રેમ અને વાત્સલ્ય આપ્યા નથી, હું મારી ફરજ ચુકી ગઈ છું પરંતુ તે પુત્ર તરીકેની ફરજ બજાવી છે, હું તારી ગુનેગાર છું તેથી બેટા મને માફ કરી દે? મા આ તમે શું બોલ્યા? પુત્ર પાસે કોઈ દિવસ માફી મંગાય? મેં મારી ફરજ બજાવી છે, કોઈ મોટું કામ કર્યું નથી તેથી મને આશીર્વાદ આપો કે હું તમારી સેવા કરી શકું?

થોડા દિવસ પછી, પ્રદ્યુમનને ડૉક્ટરેટની ડિગ્રી મેળવ્યા પછી, શાળા તેનું સન્માન કરવાનું વિચારતી હોય છે તેથી કુટુંબ સાથે હાજર રહેવા શાળાની સૂચના મળે છે, તદાનુસાર વિમળાદેવી શાળામાં ઉપસ્થિત થાય છે. જયારે પ્રદ્યુમનના નામ સાથે વિમળાદેવીનું નામ બોલાય છે ત્યારે પ્રદ્યુમન ઊભો થઈ જાહેર કરે છે કે આજે આ સન્માન કાર્યક્રમમાં મારા પિતા પણ હાજર છે તેથી હું મારા માતાપિતા સાથે હાજર થાઉં છં. વિમળાદેવીને પોતાના પતિ કેવી રીતે આવ્યા તેનું રહસ્ય પ્રદ્યુમન જણાવે છે કે મેં સંપૂર્ણ તપાસ કર્યા પછી, પિતાજી ઋષિકેશના એક આશ્રમમાં સેવા આપી રહ્યા છે તેની જાણ થતાં, તેને લખાણ કર્યું હતું અને તેને લીધે પિતાજી આજે હાજર છે. સન્માન કાર્યક્રમ સંપન્ન થયાં પછી પ્રદ્યુમન પોતાના પિતા સાથે ઋષિકેશના આશ્રમમાં સેવાર્થે જોડાઈ છે અને થોડા સમય પછી પોતાની સંપત્તિ તેમજ બધું જ દાનમાં આપ્યા પછી, વિમળાદેવી પણ પોતાના પતિપુત્રની સાથે ઋષિકેશ આશ્રમમાં જોડાઈ, શેષ જીવન 'સેવા'અર્થે પસાર કરી રહ્યા છે.

# માનવીના જીવનમાં બળ્યું છે શું?




પંખીઓ ઊડવાના ક્લાસ નથી ભરતાં ન માછલી સ્વીમીંગ પુલ જાતી,
ખુશબુએ વાયરાનું ટ્યૂશન ક્યાં રાખ્યું છે, તો પણ એ કેવી ફેલાતી.
ભમરો વિશારદ નથી તોય ગાય, કહે ફૂલોને કાનમાં પતંગિયાં,
બેટરીનું સાદું વિજ્ઞાન નથી જાણતાં, તો પણ ચમકે શું આગિયા.
ઝરણાં એ પૂછીને ભુસ્કો ન મારતાં, કેટલીક મળવાની ખ્યાતિ,
ઝાડવાંઓ યોગાસન શીખ્યાં જ નથી, છતાં ઊભાં અઠંગ એક ચરણે.
કીડી મંકોડાને ચિંતા ક્યાં હોય છે, કોણ મારી દીકરીને પરણે.
ઈર્ષ્યા આવે દોસ્ત! એ રીતે ઊજવે છે એ લોકો એમની હયાતિ.
પર્વત પણ બી.એ.,બી.એડ. નથી તોય એની વાદળ સુધીની છે પહોંચ.
માણસ શું શીખ્યા કે માણસાઈ લંગડાતી, મનમાં પહેરી જાણે મોચ.
આપણને નહીં, એ લોકોને જોઈને ઈશ્વરની છાતી ફૂલાતી.

મુકેશ જોશીની કવિતા રમતિયાળ છે, પણ હળવાશભરી ટકોર કરીને આપણા ચિત્તમાં ચિંતનના વમળો સર્જી જાય છે. શબ્દોનું સૌંદર્ય માણી લીધા પછી એનો મર્મ પામવાનો પ્રયત્ન કરીએ ત્યારે હૈયામાં વેદનાની ટીસ ઊઠી આવે છે. સ્પિરીટ લગાડ્યા પછી ઈન્જેક્શનનો આછેરો ડંખ લાગે તેનો આપણને અનુભવ છે. એક્ઝેટલી, એ જ રીતે મુ. જો.ની રચના પણ આપણને ઝીણું ઝીણું, મીઠું મીઠું દર્દ આપી જતી હોય છે.

શિક્ષણનો એક પણ શબ્દ લખ્યા વગર આપણી નિષ્ફળ નીવડેલી શૈક્ષણિક નીતિ પર એમણે વેધક કટાક્ષ કર્યો છે. આમ તો આપણે સમજતા આવ્યા છીએ કે ઈશ્વરનું શ્રેષ્ઠ સર્જન એટલે માનવ. સૃષ્ટિનું સર્જન કરતા કરતા ભગવાનને પણ થાક લાગ્યો હશે એટલે પોતાની જ પ્રતિકૃતિ જેવા મનુષ્યનું સર્જન કરીને હાશ અનુભવી કે હવે પછી મારું કામ મારું લાડકું સંતાન, સંભાળી લેશે. પરંતુ, આપણી જેમ ભગવાનની આશા પણ ઠગારી નીવડી! લાડકા લોકો જ હંમેશાં વધારે પીડા આપતા હોય છે. પ્રકૃતિને જાળવવાની અને એને સુશોભિત રાખવાની અપેક્ષા જેની પાસેથી રાખી હતી, તે માણસે જ પ્રકૃતિનો વિનાશ કરી નાંખ્યો. દીકરો કપૂત નીવડે તેની વ્યથા કેવી હોય તેની ઈશ્વરને પણ સમજ પડવા લાગી હશે. કવિ જ્યારે એમ લખે કે, 'આપણને નહીં, એ લોકોને (નિર્દોષ જીવ જંતુને) જોઈને ઈશ્વરની છાતી ફૂલાતી', ત્યારે ઈશ્વરનું શ્રેષ્ઠ સર્જન હોવાનો અને બુદ્ધિમાન હોવાનો દાવો કરનાર માનવ ભોંઠો પડી જાય તેમ છે.

માણસ બુદ્ધિશાળી હોવાથી ડગલે ને પગલે ફાયદાની ગણતરીઓ માંડતો જાય છે. બાળક જન્મે ત્યારથી એને કેળવવા માટે કેટ કેટલાંય આયોજનો કરે છે. પ્લેગૃપથી શરૂ કરી નર્સરી, પ્રાયમરી, સેકન્ડરી, હાયર સેકન્ડરી, હજારો જાતના ડિપ્લોમા અને સેંકડો પ્રકારની ઉપાધિ અને મહાઉપાધિઓ! સંગીત અને નૃત્ય તેમજ જીમ, સ્વિમીંગ, કરાટે, યોગાસન અને વ્યક્તિત્વ વિકાસના વર્ગો. અગણિત પ્રકારના વર્ગો ભર્યા પછી પણ માનવતા તો લંગડાતી જ રહી ગઈ છે. જિંદગીના અણમોલ વર્ષો અને ધૂમ નાણાં ખર્ચ્યા પછી પણ માણસમાં માણસાઈ આવતી નથી. માણસાઈ કેળવવાની વાત તો દૂર રહી, ઉલટાંનું ઉચ્ચ શિક્ષણ મેળવીને માણસાઈ ગુમાવવાની કટ્ટર હરિફાઈનો યુગ જાણે માનવસમાજમાં ચાલી રહ્યો છે. 'માણસની ડિગ્રી જેટલી ઊંચી તેટલો તે વધારે ભયાનક!' એ સત્ય સાબિત કરવું પડે તેમ નથી. આ દેશને અભણોએ નથી લૂંટ્યો તેટલો ભણેલા લોકોએ લૂંટ્યો છે. સૃષ્ટિનો શણગાર બનવાની જવાબદારી ઈશ્વરે જેના માથે નાંખી હતી, તે માણસે જ સૃષ્ટિની ઘોર ખોદી છે. માણસ પ્રકૃતિને જરાયે વફાદાર રહ્યો નથી, આદમીસે જાનવર જ્યાદા વફાદાર હૈ!

કોઈપણ જમાના કરતાં આજે શિક્ષણ વધ્યું છે, દિવસે દિવસે શિક્ષણ મોંઘું બનતું જાય છે તેમ છતાં, શિક્ષણનો ક્રેઝ વધતો જાય છે. તકલીફ એટલી જ છે કે, શિક્ષણનો કોઈ વિશેષ પ્રભાવ માણસના જીવન પર દેખાતો નથી. ભણેલા અને અભણ, અગર ઉચ્ચ શિક્ષિત અને અલ્પ શિક્ષિત વ્યક્તિની જીવન શૈલી કે માનસિકતા વચ્ચે કોઈ તફાવત દૃષ્ટિગોચર થતો નથી. આજે જે કંઈ શિક્ષણ લેવામાં આવે છે તેનો એકમાત્ર હેતુ વધુમાં વધુ દ્રવ્યપ્રાપ્તિનો છે. કયા અભ્યાસક્રમાં જવાથી નોકરી જલદી મળી જાય તેમ છે, કઈ લાઈનમાં જવાથી વધારે ધનપ્રાપ્તિ થઈ શકે તેમ છે, કયો હોદ્દો અગર વ્યવસાય સૌથી વધારે પૈસા અને પ્રતિષ્ઠા મેળવી આપે તેમ છે, તેને ખ્યાલમાં રાખીને માણસ સમયનું અને પૈસાનું ઈન્વેસ્ટમેન્ટ કરે છે! આજનું શિક્ષણ એની દિશા ગુમાવી ચૂક્યું છે. શિક્ષણ એ ચોખ્ખેચોખ્ખો ધંધો બની ગયું છે. કોઈ પણ મિશન જ્યારે ધંધો બની જાય ત્યારે તેમાં ધંધાના તમામ અપલક્ષણો આપોઆપ આવી જાય છે. સારા માણસ બનવા માટે ભણવું જોઈએ, એ હેતુ હવે ભણનાર બાળક કે તેના પાલકનો રહ્યો નથી. મા બાપ એવું ઈચ્છે છે કે, પોતાનું બાળક ઊચ્ચ પદવી મેળવીને વધારેમાં વધારે ધન કમાય. સારા માણસો - જવાબદાર નાગરિકો તૈયાર કરવા માટે ભણાવવું જોઈએ એ હેતુ શિક્ષકનો પણ રહ્યો નથી. શિક્ષક ભણાવે છે આજીવિકા માટે. શિક્ષકના વ્યવસાય કરતાં અન્યત્ર વધારે કમાણીની તક મળે તો શિક્ષકત્વને છોડતાં જરાયે વાર નહીં લાગે! સંચાલકો શાળા કૉલેજો ખોલે છે તે વિદ્યાપ્રેમને કારણે નહીં પણ અધિક કમાણીને માટે. (કેટલાંક સુખદ અપવાદો પણ છે.) બાળક, પાલક, શિક્ષક અને સંચાલકોનો શિક્ષણ પાછળનો હેતુ જ ઉમદા ન હોય તો શિક્ષણ અવગતે જ જાય, તેમાં કોઈ સંશય રહેતો નથી. વિદ્વાન અને લોકપ્રિય ચિંતક ડો. ગુણવંત શાહે લખ્યું છે કે શિક્ષણનો મેરુદંડ જ સડી ગયો છે. સત્ય તો એ છે કે વધારે ધન કમાવા માટે જિંદગીના મૂલ્યવાન એવા આટલા બધા વરસો અને પૈસા બગાડવાની જરૂર જ નથી. અભણો અથવા અલ્પશિક્ષિતો, ભણેલા માણસો કરતાં વધારે કમાતા હોય એવા દાખલા શોધવા બહુ મહેનત કરવી પડે તેમ નથી. સમાજમાં અગણિત મનુષ્યો એવા મળી આવશે, જેમણે શાળામાં બહુ થોડું ભણતર લીધું હોય તેમ છતાં વધારે ધન, પ્રતિષ્ઠા અને સન્માન પ્રાપ્ત કર્યા હોય. હમણાં જ પ્રગટ થયેલો એક સર્વે એવું જાહેર કરે છે કે સુડતાલીસ ટકા ગ્રેજ્યુએટો કોઈ પણ જાતનું કામ કરવાની પાત્રતા ધરાવતા નથી.

પેટ ભરવા માટે જ જો ભણવા જવાનું હોય તો જાનવરો આપણાં કરતાં શ્રેષ્ઠ ગણાય. પોતાનો ખોરાક એ પોતાની મેળે ગમે ત્યાંથી મેળવી લે છે એ શીખવા માટે કોઈ વર્ગો ભરવા ક્યાંય જવું પડયું નથી. આપણે મનુષ્યો જિંદગીનો લગભગ ત્રીજો ભાગ ભણવામાં ખર્ચી નાંખતા હોવા છતાં નોકરી ન મળ્યાનો કે જેવી જોઈતી હતી તેવી નોકરી ન મળ્યાનો અસંતોષ અને સંતાપ લઈને જીવીએ છીએ. જીવનમાં આપણી અપેક્ષા મુજબનું પરિણામ ન આવતાં આપણે બહુ જલદી હતાશ થઈ જઈએ છીએ. પરીક્ષામાં સારું ન લખી શકાવાથી, બોર્ડની પરીક્ષાનું રિઝલ્ટ સારું ન આવવાથી, પ્રેમી કે પ્રેમિકાએ વિશ્વાસઘાત કર્યો હોવાથી, નોકરીમાં પ્રમોશન ન મળવાથી આત્મહત્યા કરનારાઓમાં સ્કૂલના વિદ્યાથીઓથી માંડી સંશોધકો- વિજ્ઞાનીઓનો પણ સમાવેશ થાય છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં ખુમારીભેર ટકી રહેવાનું કે પરિસ્થિતિનો અડગતાથી સામનો કરવાની તાકાત આપવામાં આજનું શિક્ષણ નિષ્ફળ ગયું છે.

**અનુસંધાન પાના નં. ૭ પર**

# આદતો નાની નાની હોય છે, પરંતુ નેગેટીવ આદતો હોય તો નુકસાન કરવાની અને પોઝીટીવ હોય તો પ્રકાશ પાથરવાની ક્ષમતા આદત કે ટેવમાં સમાયેલી હોય છે




'સર, નમસ્તે! ગુડમોર્નિંગ! ધ્વનિએ મંદ મંદ-મીઠું હાસ્ય વેરતા સવારે એની સ્કૂલમાં પ્રવેશતા સામે મળેલા ટીચરને કહ્યું, કલાસરુમ સુધી જતાં બીજા બે-ત્રણ ટીચર સામે મળ્યા તો ધ્વનિએ સહજપણે બે હાથ જોડી આજ વર્તણૂંક ફરીથી કરી. આ નિહાળીને એની આજબાજુ સાથે ચાલી રહેલી બીજી વિદ્યાર્થીઓએ અંદરોઅંદર ઘુસ-પુસ કરીને કાંઈક કોમેન્ટ કરી. ધ્વનિના ધ્યાને પડ્યું એટલે એ છોકરીઓની સામે જઈને એણે એ જ સ્ટાઈલમાં મિત્રભાવે અભિવાદન કર્યું. એ વિદ્યાર્થીઓ જરા છોભીલી પડીને ત્યાંથી પસાર થી ગઈ.'

અમદાવાદની આધુનિક અને શ્રેષ્ઠત્તમ સુવિધાઓ ધરાવતી એક સ્કૂલમાં હાઈસ્કૂલ લેવલે ધ્વનિ અભ્યાસ કરે છે. અભ્યાસની કારકિર્દી ઉપરાંત ટેબલ ટેનિલ જેવી સ્પોટ્ર્સ એક્ટીવીટી અને અન્ય આર્ટલક્ષી પ્રવૃત્તિઓમાં એ ઉમળકાભેર જોડાય અને ઉત્તમ પરિણઆમો પણ મેળવે. પરિણામે એના સહાધ્યાયીઓ અને ટીચરોમાં એ લાડકી હતી. એના પપ્પા રાજય સરકારમાં ઓફીસર તરીકે કાર્યરત અને મિલનસાર સ્વભાવને કારણે બહોળો મિત્રવર્ગ ધરાવે છે. એમની સાથે નોકરી કરતા બે-ત્રણ મિત્રોના પરિવારો વચ્ચે, અત્યંત ઘનિષ્ઠ પારિવારિક સંબંધો. તહેવારો-ઉત્સવો અને સામાજિક પ્રસંગોએ બધા સાથે જ હોય અને આનંદ કરે-મસ્તી કરે.

આવો જ ઉત્સવ એટલે દિવાળી અને નૂતનવર્ષનો - ઉલ્લાસ અને ઉજાસનો ઉત્સવ. દિવાળીની રજાઓમાં આ પરિવારોમાં રોડ ટ્રીપ કરવાનું નક્કી કર્યું અને સહુ નીકળી પડ્યા. રાજસ્થાનના વૈભવી શહેર ઉદયપુર તરફ. નાસ્તો કરવા, ફ્રુટ ખાવા કે ફોટા પાડવા, જયાં મજા પડે ત્યાં ઉભા રહી જવાનું અને નિરાંતે આગળ વધવાનું. આમ સરળતાપૂર્વક તેઓ ઉદયપુર પહોંચ્યા જે હોટેલમાં તેમનું રહેવાનું ગોઠવ્યું હતું. ત્યાં પહોંચ્યા અને બપોર રીસેપ્શન પર બેઠેલો માણસ ઊભો થયો. સ્તુતિના પપ્પાએ એને અને બહેનપણીને ત્યાં મોકલી હતી કે 'જાવ બેટા, રીસેપ્શન પર રજીસ્ટ્રેશનની વિધિ પૂરી કરો અને નવું કામ શીખો.' રીસેપ્શનીસ્ટે 'નમસ્તે, વેલકમ' હાથ જોડીને મીઠા અવાજે મુસ્કુરાતા કહ્યું, 'ભારતીય સભ્યતા અને સંસ્કૃતિના ધબકારને ઝીલી રહેલા આ શહેરમાં પ્રવાસીઓનું સ્વાગત છે.' એણે ઉમેર્યું... સામાન ગોઠવાયો - મિત્રો-બાળકો રૂમમાં ગોઠવાયા... ગાડી ત્યાં જ મુકીને સ્થાનિક વાહનોના ઉપયોગ દ્વારા ઉદયપુરના પ્રવાસન અને દર્શનીય સ્થળોનો પ્રવાસ કર્યો. રજાઓના આનંદને ભરપૂર માણ્યો. રાજસ્થાનના કલ્ચર-રીતરિવાજ - પહેરવેશની વિવિધતા જોઈ - ખરીદી કરી... પરંતુ આ બધામાં ધ્વનિને સહુથી વધુ અસર કરી ગઈ તે વાત એટલે રીસેપ્શન પર કામ કરતા રાજદીપ નામના યુવાનની, બે હાથ જોડીને પ્રેમપૂર્વક 'નમસ્તે' કહેવાની સ્ટાઈલ. વિવેક-નમ્રતા અને આતિથ્ય ભાવનાથી છલકતા એના વ્યવહારે ધ્વનિ પર વિશેષ અસર કરી. એણે એના પપ્પાને કહ્યું, 'રાજદીપ અંકલ કેવા સરસ રીતે આવકારે છે કેવા સરસ રીતે આવકારે છે અને અભિવાદન કરે છે!'

'તો પછી આ પ્રવાસની યાદગીરી તરીકે તું આ શિષ્યાચારને તારા સ્વભાવમાં સામેલ કરજે બેટા' એના પપ્પાએ કહ્યું, અને હસતાં હસતાં ધ્વનિએ આ વાત સ્વીકારી લીધી. મનભરીને પ્રવાસનો આનંદ લઈને તે પરત આવી અને એના સ્વભાવમાં આ વાત એણે વણી લીધી. સમય જતા એણે કરેલા આ પરિવર્તનની નોંધ આસપાસના સહુએ લીધી અને પોતાનામાં એક સહજ ઉમળકો વાણી-વર્તનમાં ભળ્યો એનો એને આનંદ થયો.



પહેલી નજરે સાવ સામાન્ય જણાતી આ ઘટનામાં બે વાત નોંધનીય છે.

પ્રથમ એ રીસેપ્શનીસ્ટે વ્યવસાયના ભાગરુપે કેળવેલી આદતની સહજતા. ઉપરછલ્લો આવકાર અને દિલથી થતું સ્વાગત આ બંનેમાં ભેદ છે. ધીમે ધીમે કેળવેલી આદત સાહજિક બને ત્યારે એ સામેના માણસને સ્પર્શે છે. હસતો ચહેરો - વિવેક અને નમ્રતા સાથે થતી ભાવ અભિવ્યક્તિ (અહીં તળપદી ભાષામાં જેને વેવલાઈ કહે એને સામેલ કરવી નહિ) દ્વારા વ્યક્તિનું વ્યક્તિત્વ સભર બને છે.

અને બીજી વાત તે યુવાન વયની ધ્વનિને આ સ્ટાઈલ માટે થયેલું આકર્ષણ, એના સ્વભાવમાં રહેલી સતત કાંઈક નવું શીખવાની જાગૃતિ. માણસ તરીકે આપણે આસપાસના વાતાવરણ અને જીવનમાંથી સતત કાંઈક શીખવું જ જોઈએ. હકારાત્મક આદતો કેળવવાથી સરવાળે આપણને પોતાના વ્યક્તિત્વમાં જ આવેલું પરિવર્તન દેખાશે. આરંભ બીજા લોકો કદાચ ટીકા કરે પરંતુ આખરે સારી-સાચી અને સકારાત્મક વાતને યોગ્ય સ્થાન મળે જ છે. યુવાન વયે સારી આદતો કેળવી હોય તો સમય જતાં ધંધો-વ્યવહાર કે રોજિંદા જીવનમાં એના થકી વ્યક્તિની લોકપ્રિયતા વધે જ છે. વ્યક્તિને જયારે પણ કંઈક યોગ્ય લાગે ત્યારે તેને સ્થળ-કાળના વિવેક અનુસાર સ્વીકારીને પોતાના જીવનમાં - સ્વભાવમાં સામેલ કરવાથી નાની નાની ઘટનાઓમાંથી સમજણનો પ્રકાશ પથરાય છે અને આસપાસ અજવાળા રેલાય છે.

**તેજપૂંજ :**

**આદતો**
**નાની નાની હોય છે,**
**પરંતુ નેગેટીવ આદતો હોય તો**
**નુકસાન કરવાની અને**
**પોઝીટીવ હોય તો**
**પ્રકાશ પાથરવાની ક્ષમતા**
**આદત કે ટેવમાં સમાયેલી**
**હોય છે.**